# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૯ અંક : ૫-૬ ૧૫-૪-૨૦૦૯ સળંગ અંક : ૨૧૪

સંપાદકો

પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સંપાદકીય

### મહિલા સશક્તિકરણ... નવી દૃષ્ટિએ

હાલમાં 'વુમન્સ ડે' એટલે કે 'મહિલા દિન' ઊજવાઈ ગયો. કંઈ કેટલાય દૈનિકો, સામયિકોમાં મહિલા સશક્તિકરણ વિશે જાતજાતનું ને ભાતભાતનું લખાયું. ત્યારે મૈત્રેયીદેવી લિખિત બંગાળી નવલકથા 'ન હન્યતે' નો એક સંવાદ સહજ રીતે જ યાદ આવી ગયો. નવલકથાની નાયિકાને કમને 'ન ગમતા' પાત્ર સાથે પરણવું પડે છે અને આ 'ન ગમતા' પતિ એક અર્થપૂર્ણ સંવાદ બોલે છે. એ કહે છે : ''તારું સ્વાતંત્ર્ય એ તારું પોતાનું છે. એ કંઈ મારા ખિસ્સામાંની વસ્તુ થોડી છે કે હું તને કાઢીને આપી દઉં.'' સ્ત્રી જેટલું સશક્ત તો મને આખા વિશ્વમાં કોઈ લાગ્યું નથી. સવાલ માત્ર સ્ત્રીને એની શક્તિનું ભાન કરાવવાનો છે. એક જાતની મૂર્છા વળી જાય અને મૂઢતા વ્યાપી જાય તેવું જ સ્ત્રીની બાબતે પણ થયું છે. સ્ત્રીની આ મૂઢતા દૂર કરીએ તો નવું કલેવર પ્રગટ્ય થયા વગર રહેવાનું નથી.

આ પ્રશ્નનો છેક થી તાગ લઈએ તો આખી વાતની શરૂઆત થઈ પશ્ચિમ થી. પશ્ચિમમાં જોરશોરથી ચાલેલી 'મહિલાવાદ'ની ચળવળે આપણે ત્યાં પણ કેટલીક આગળ વધેલી સ્ત્રીઓને બંડખોર બનાવી. ઝનૂની મહિલાવાદીઓએ 'મહિલાવાદ'ને તાણી તાણીને એટલો લાંબો કરી દીધો કે આખી ચળવળ ક્યારેક હાંસીપાત્ર પણ થવા લાગી. દરેક ચળવળને એની પોતાની ગરિમા હોય છે. આવા ઝનૂની મહિલાવાદીઓએ 'મહિલાવાદ'ને ચારેતરફથી એટલો ભીંસ્યો કે બહુધા એ કાગળ પર જ રહી ગયો અને એકની એક રેકર્ડ સાંભળી માણસની સંવેદનશીલતા બુઠ્ઠી થઈ જાય તેવું થયું. એટલું તો નક્કી થયું કે સ્ત્રીઓને સમાન ગણવી જોઈએ, સમાન તક આપવી જોઈએ વગેરે વગેરે... પણ કોઈ ભ્રષ્ટાચારી જેમ રોજ પાશેર ઘીનો દીવો ભગવાન આગળ કરે, અડધો કલાક પાઠ કરે અને પછી હાથ ધોઈ બજારમાં બેસી કાળાબજાર કરે તેવું થયું. મંદિરના ભગવાન મૂર્તિ પૂરતા જ મર્યાદિત રહ્યા. વર્તનમાં પહોંચ્યા નહિ તેમ 'મહિલાવાદ' માત્ર ભાષણોમાં અને શબ્દોમાં રહ્યો. મહિલાઓ સુધી પહોંચ્યો નહિ. બીજી બાજુ જેમણે ઝનૂની 'મહિલાવાદ' અપનાવ્યો એમની સમજ 'મહિલાવાદ' ને તાણતાં તાણતાં સમતુલા ચૂકી ગઈ.

આવા ઝનૂની મહિલાવાદના પક્ષમાં હું નથી. પુરુષ અને સ્ત્રી એકબીજાનાં પૂરક છે અને જે પૂરક છે તે કદી હરીફ ના હોઈ શકે.

મહિલા સશક્તિકરણ વિશે ગંભીરતાથી વિચારીએ તો મહિલાઓનું આર્થિક સ્વાતંત્ર્યએ પાયાની જરૂરિયાત છે. આ એક નબળી બાજુથી જ પુરુષ સ્ત્રીના સ્વાતંત્ર્ય પર તરાપ મારી શકે તેમ છે. એટલે સ્ત્રીઓએ પ્રતિજ્ઞા કરવી જોઇએ કે જ્યાં સુધી પોતે પોતાજોગું કમાઇને આર્થિક રીતે પગભર ના બને ત્યાં સુધી લગ્ન કરવા જ નહિં. અને લગ્ન પછી પણ પોતાની આર્થિક સ્વતંત્રતા કોઈપણ ભોગે જાળવી જ રાખવી. બંને નક્કી કરીને કોમન પર્સમાં અમુક ઠરાવેલી રકમ ઘરખર્ચ માટેની મૂકે અને તેમાંથી જ ઘરના આર્થિક વ્યવહારો ચલાવે. આર્થિક સ્વાતંત્ર્ય સ્ત્રીને આપોઆપ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકેનો દરજ્જો આપે છે.

લગ્ન એ એક આવશ્યક ઘટના છે. પુરુષ વિરોધી થઈને લગ્નને તિલાંજલિ આપવી એ મૂર્ખામી છે. પરંતુ લગ્ન સ્ત્રીએ કોઈ નબળાઇથી ના કરવા. ઘણી સ્ત્રીઓ માને છે કે લગ્ન કર્યા એટલે જીવનનો મોટો પ્રશ્ન ઉકલી ગયો. અને પોતે સુરક્ષિત કોચલામાં ગોઠવાઈ જઈ બાકીનું જીવન શાંતિથી પસાર કરી નાખશે. આ માન્યતાને ધરમૂળથી બદલવી પડે તેમ છે. લગ્ન કરવા તો નિર્બળતાથી નહિ બલ્કે સક્ષમ વ્યક્તિ તરીકે. સારા સંતાનો પેદા કરી તંદુરસ્ત સમાજના નિર્માણમાં ફાળો આપવાની ફરજના અનુસંધાને લગ્ન કરવા, એટલે કોઇના પર પડતું મૂકવું એવું નહિ પણ સબળતાથી, સભરતાથી, પોતાના વ્યક્તિત્વમાં બીજાનો ઉમેરો કરી સ્વસ્થ કુટુંબ, સમાજની રચના માટે કટિબદ્ધ થવું. સારી માતા, સારી પત્ની, સારી ભગિની, સારી સાસુ થવું. ચારિત્ર્ય ઘડતરમાં જે ભૂમિકા સ્ત્રી ભજવી શકે તેમ છે, તે ભાગ્યે જ બીજું કોઈ ભજવી શકે.

આજે જરૂર છે સમાજને પરાક્રમી સ્ત્રી પુરુષોની. જે સમાજમાંથી પરાક્રમ ઓછું થઈ જાય તે એનું ગૌરવ ગુમાવી ધીરે ધીરે નિર્માલ્ય થઈ જાય છે. જરૂર તો છે એવા નવલોહિયાઓની જે મૂલ્યોને ખાતર મરી ફીટવા તૈયાર થાય છે. આવા વીર પુરુષો તૈયાર કરવા હશે તો સ્ત્રીએ શિવાજીને હાલરડામાં વીરરસનું પાન કરાવતી

માતા 'જીજાબાઈ' થવું પડશે. આજના સમયની આ જરૂરિયાત છે. અન્યથા નિર્વીર્ય સમાજની ઉપજ એવી નિર્વીર્ય પ્રજા પોતાની જ ઘોર ખોદશે.

આપણે ત્યાં બીજી સમસ્યા છે તે કજોડાંની અને કજોડામાંથી પેદા થતાં સંતાનોની છે. સમાજનો જે કુરૂપ ચહેરો અવારનવાર ટી.વી. અને સમાચારપત્રોમાંથી ડોકિયું કરી જાય છે તેના મૂળમાં પ્રેમથી વંચિત બાળપણ અને યોગ્ય ઉછેરનો અભાવ છે. ટૂંકમાં જેના માટે અંતરથી આદરભાવ ન જન્મે તેવા પુરુષ સાથે સ્ત્રીએ હરિગીઝ લગ્ન ન કરવા. માત્ર ધન-સમૃદ્ધિ અને ગાડી બંગલા જોઈને લલચાઈ જતી કન્યાઓએ ખાસ ચેતવા જેવું છે.

બીજી એક બાબતથી આજની કન્યાઓએ બચવાનું છે એ પુરુષના 'પ્રેમ' નામના લોભામણા છળથી. પુરુષોનો પ્રેમ બહુધા 'શરતી' હોય છે. જ્યારે સ્ત્રીનો તો સ્વભાવ જ પ્રેમ કરવાનો છે. આવા શરતી પ્રેમમાં ગૂંગળામણ અનુભવવા છતાં, પુરુષને રાજી રાખવા એ પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને હોમી દે છે. પણ એણે યાદ રાખવાની જરૂર છે કે આજનો આ સહારો આવતીકાલે એના પગની બેડી બની જવાનો છે. જે ઉદ્વેગ કરાવે, અધોગતિ કરાવે એ પ્રેમ હોઈ જ ન શકે. પ્રેમ તો વિકાસ આપે, વિસ્તાર આપે, ઉર્ધ્વગતિ આપે. જે પ્રેમ તમને વિકસતાં અટકાવે એ પ્રેમ ન હોઈ શકે. પ્રેમના આવા ભ્રમથી સ્ત્રીએ ચેતવાની જરૂર છે.

'લગ્ન' એ આવશ્યક ઘટના છે. પણ અનિવાર્ય નથી. આવા લોભામણા છળને વશવર્તી લગ્ન કરવા એના કરતાં કુંવારા રહી જીવન વ્યતીત કરવાની મક્કમતા સ્ત્રીએ દાખવવાની જરૂર છે. લગ્ન કર્યા વિના પણ એક ભણેલી, ભાવનાસભર સ્ત્રી સમાજને ઘણું આપી શકે તેમ છે. સ્ત્રીમાં કુદરતે સ્નેહ, પ્રેમ, સેવા, નિષ્ઠા ઠાંસી ઠાંસીને ભરેલાં છે. આજે દુનિયાને સ્નેહ અને હૂંફની કેટલી જરૂર છે એ ભાગ્યે જ કોઈને સમજાવવું પડે. લગ્ન કરીને આદર્શ કુટુંબ રચવાનું કોઈ કારણસર ન બને તો સ્ત્રીને મધર ટેરેસા બનતાં કોણ અટકાવે તેમ છે ? મારા મતે તો 'સ્ત્રીત્ત્વ' એ સંત થવાની દિશાનું પ્રથમ ચરણ છે.

ફરીથી સ્ત્રી સશક્તિકરણના મુદ્દા પર આવીએ તો સ્વાતંત્ર્ય મેળવવાની લડાઈ એણે પોતે જ લડવાની છે. મુશ્કેલી એ છે કે આ લડાઈ એણે બે મોરચા પર એક સાથે લડવાની છે. એક તો પોતાની જાત સાથે. મનમાં સદીઓથી ઘર કરી ગયેલી માનસિકતા સામે એણે સતત લડવાનું છે. અનેક નબળી ક્ષણો વચ્ચે આવવાની છે જ્યારે એને સમાધાન કરી લેવાની વૃત્તિ જાગે. પરંતુ એણે મક્કમ નિર્ધાર સાથે લડાઈ જારી રાખવાની છે. બીજો મોરચો છે બહારની દુનિયા. આ મોરચા પરની લડાઈ પણ એટલી જ બલ્કે વધારે કપરી બની રહેવાની છે. કેમકે, અહીં તો એણે મોટેભાગે પોતાના સ્વજનો સાથે લડવાનું છે. મહાભારતના અર્જુનની જેમ એને અનેકવાર 'વિષાદયોગ'ની સ્થિતિમાંથી પસાર થવાનું છે. પણ અર્જુનની જેમ એણે પણ ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશને યાદ રાખવો પડશે કે- 'આ ધર્મયુદ્ધ છે. અને તે લડતાં જો પોતાનાં જ સ્વજનો-મા, બાપ, પતિ, પુત્ર કે અન્યને નારાજ કરવા પડે, તો કરવા જ રહ્યા'.

પ્રશ્ન એ છે કે આ બીજા મોરચાની લડાઈ લડવામાં એણે હથિયાર કયા વાપરવા. ફરીથી અહીં મહાભારતને યાદ કરવું રહ્યું. મહાભારતના યુદ્ધને અંતે પાંડવોની જીત થઈ પણ અંતે શું થયું, પોતાના સ્વજનોને પોતાના હાથે હણ્યા પછી પાંડવો રાજપાટ ભોગવવા ને બદલે દુઃખી હૃદયે હિમાળે હાડ ગાળવા ગયા. તેથી જ સ્ત્રીએ પોતાની લડાઈને કોઈપણ ભોગે હિંસક બનાવવાની નથી. પુરુષ જેવાં વાળ કાપીને, પુરુષ જેવા કપડાં પહેરીને, ચડસાચડસી કરીને નહિ પણ એનાથી લાંબી લીટી ખેંચીને એણે આ લડાઈ લડવાની છે. ગાંધીજીનું અમોઘ શસ્ત્ર 'સત્યાગ્રહ' અહીં એને કામ લાગશે. વળી સ્ત્રી પાસે તો સહનશીલતા, ધીરજ અને પ્રેમની કુદરતી દેન છે. એનું સૌથી મોટું શસ્ત્ર છે : પ્રેમ. પ્રેમથી તો વાઘવરુ પણ વશ થઈ જતા હોય છે. તો આતો મનુષ્યો છે. પુરુષને નફરતનો, અન્યાયનો સામનો એણે પ્રેમથી કરવાનો છે. સ્ત્રીએ પોતાની આંતરિક તેમ જ બાહ્ય સુંદરતાને વિકસાવવી જોઈએ. પ્રેમ, સ્નેહ, હૂંફ, ઋજુતા, મૃદુતા, સૌમ્યતા જેવાં ગુણોને ખીલવવા જોઈએ. જે સ્ત્રીમાં આ તમામ ભાવો મૂર્તિમંત થયા હશે તે સ્ત્રીની વાત કયો પુરુષ ઠુકરાવી શકશે. સ્વાતંત્ર્યની આ લડાઈની પહેલી પૂર્વશરત એ છે કે સ્ત્રીએ સંપૂર્ણ 'સ્ત્રી' બનવું. જો પુરુષને કોઈ હરાવી શકે તેમ હોય તો તે સ્ત્રીનું 'સ્ત્રીત્ત્વ' જ હરાવી શકે.

જ્યારે જ્યારે કોઈએ સમાજના પ્રવર્તમાન રીતરિવાજો સામે બંડ પોકાર્યું છે ત્યારે એને બદલામાં ઝેર જ મળ્યું છે. સમાન હક માંગનારી, મક્કમતાથી પોતાની વાત કહેનારી, પુરુષના શરતી પ્રેમને વશ ન થનારી આવી સ્ત્રીનું અપનામ કરવા શક્ય છે કે પુરુષપ્રધાન સમાજ બીજો રસ્તો શોધી કાઢે. અને એ છે એવી સ્ત્રીના ચારિત્ર્ય પર લાંછન લગાડવાનો. કેમકે પુરુષ સારી પેઠે જાણે છે કે આ હથિયાર એવું કારગત છે કે એની સામે ભલભલી સ્ત્રી ઝૂકી જશે. પરંતુ અહીં સ્ત્રીએ ગાંઠ વાળવી કે ચારિત્ર્યનું પ્રમાણપત્ર એણે 'પુરુષ' પાસે નથી લેવાનું પણ 'પુરુષોત્તમ' પાસે એટલે કે ભગવાન પાસે લેવાનું છે. અને તેમ છતાં, ભગવાન શંકરની જેમ ઝેર પચાવી, બદલામાં સ્ત્રીએ લ્હાણી તો અમૃતની જ કરવાની છે. અને એમાં જ એના 'સ્ત્રી' હોવાની સાર્થકતા છે.

**- સોનલદે દેસાઈ**

## Teaching - Learning

➢ ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષ માટેનું રૂા. ૫૦૦/-નું **'જર સાવક માદન (નવસારી) માનસશાસ્ત્ર પારિતોષિક'** આ યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલ ૨૦૦૮માં લેવાયેલી એમ.એ.ની પરીક્ષામાં માનસશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ થનાર (પ્રાયોગિક, મૌખિક તેમજ લઘુનિબંધ સિવાય) વિદ્યાર્થીઓમાંથી માનસશાસ્ત્ર વિષયના બાહ્ય પરીક્ષણમાં સર્વાધિક ગુણ (૩૩૭/૪૯૦) મેળવનાર માનસશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થિની **ધર્મિષ્ઠાબેન ચીમનલાલ પટેલ**ને એનાયત કરવામાં આવે છે.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**ના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા **ચિરાગભાઈ ધંધુકીયા** તથા અર્થશાસ્ત્ર વિષયના વ્યાખ્યાતા **વિજયભાઈ મકવાણા** એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા દ્વારા તાજેતરમાં યોજાએલ છઠ્ઠી જીસેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. જીસેટ પરીક્ષાનું પરિણામ ૩.૫૯% હતું, એમાં તેઓએ આ સફળતા હાંસલ કરી છે. અભિનંદન !

➢ તાજેતરમાં **અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં 'ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ રીપોર્ટીંગ સ્ટાન્ડર્ડ્ઝ - વન સિંગલ એકાઉન્ટીંગ ફોર ધ વર્લ્ડ ઈકોનોમી' વિષય પર યુ.જી.સી.- ન્યુ દિલ્હી સ્પોન્સર્ડ નેશનલ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં દેશભરમાંથી નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એકમના પ્રતિનિધિઓ, આજુબાજુની કંપનીઓના નાણાંકીય અધિકારીઓ પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓએ વગેરે ભાગ લીધો હતો. આ પરિસંવાદમાં કુલ ૧૪૨ ડેલીગેટ એ ભાગ લીધો હતો. અને ૩૩ સંશોધન-લેખો રજૂ કરવામાં આવ્યા હતાં.

આ પરિસંવાદનું ઉદ્ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. બી.જી. પટેલે કરેલુ હતું. પ્રશાન્તભાઈ અમીન, ડિરેક્ટર, એલિકોન એન્જિનિયરીંગ કં. લિ. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. જ્યારે મુખ્ય વકતા સી.એ. મિલિન મહેતા, કે. સી. મહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એન્ડ કં., વડોદરા એ આઈ.એફ.આર.એસ. (IFRS) શા માટે જરૂરી છે. અને તે અંગે શૈક્ષણિક સમાજે કઈ રીતે તૈયાર થવું જોઈએ તે અંગે ઉદબોધન કર્યુ હતું અને જણાવ્યું હતુ કે આવા કાર્યક્રમ દ્વારા આવનાર સમયમાં એકાઉન્ટીંગ વિષયના પડકારો માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તૈયાર થવું પડશે. જેથી ૧લી એપ્રિલ ૨૦૧૧થી ફરજિયાત રીતે અમલમાં મુકવામાં આવનાર આઈ.એફ.આર.એસ.થી સજ્જ થઈ શકાય.

સેમિનારમાં ચાર ટેકનીકલ સેશન રાખવામાં આવેલ હતાં. આઈ.એફ.આર.એસ.- ગ્લોબલ પરસ્પેક્ટીવ, આઈ.એફ.આર.એસ.- ફેર વેલ્યુ મેઝરમેન્ટ, આઈ.એફ.આર.એસ. - રેગ્યુલેટરી રીક્વાયરમેન્ટસ અને આઈ.એફ.આર.એસ. - ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનીટીઝ. સી.એ. વિશાલ દોષી, સી.એ. (પ્રો.) અમિતા કાંટાવાલા, સી.એ. નિલેશ સુચક અને શ્રી એચ.સી. શાહે મુખ્ય વક્તા તરીકે સેવાઓ આપી હતી. પ્રો. એ. કે. બાસુ, પ્રો. ટી.ડી. તિવારી અને સી.એ. મયુર સ્વાદીયાએ ચેરપર્સન તરીકે ફરજ બજાવી હતી. ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ આઈ.આઈ.એમ., અમદાવાદના પ્રો. શૈલેષ ગાંધીએ સમાપન વકતવ્ય આપ્યું હતું.

➢ **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** દ્વારા તા. ૧૯-૩-૦૯ના રોજ 'અનુઆધુનિક ગુજરાતી સાહિત્ય' વિષય પર રાજ્યકક્ષાનો એક પરિસંવાદ યોજાયો હતો. ચાર બેઠકમાં વિભાજીત આ પરિસંવાદની પહેલી બેઠકમાં પ્રો. ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'અનુઆધુનિક સાહિત્યની ભૂમિકા' વિષય પર મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. બીજી બેઠકમાં ગઝલકાર રાજેશ વ્યાસ 'મીસ્કીને' એ 'અનુઆધુનિક કવિતા' વિશે તથા કવિ જયદેવ શુકલએ 'અનુઆધુનિક છાંદસ-અછાંદસ કવિતા'ના પ્રવાહોની ઉદાહરણસહિત રજૂઆત કરી. બપોર પછીની ત્રીજી બેઠકમાં શ્રી રઘુવીર ચૌધરીએ 'અનુઆધુનિક નવલકથા' તથા ડૉ. સુમન શાહે 'અનુઆધુનિક ટૂંકીવાર્તા' વિષય પર પોતાના મંતવ્યો રજૂ કર્યા. છેલ્લી બેઠકમાં મહેશ ચંપકલાલે 'અનુઆધુનિક નાટક' વિશે વકતવ્ય આપ્યું હતું. આ સર્વે વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાંથી એક નિષ્કર્ષ એ નિકળ્યો કે હાલમાં જે સાહિત્ય રચાય છે તે ઠીકઠીક છે તેમ છતાં તેમાં નવી ભોંય ભાંગવાની હજુ બાકી છે. વળી, આધુનિક સાહિત્યને જાણ્યા વિના અનુઆધુનિક સાહિત્ય ન રચી શકાય.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજના સ્નાતક-સ્નાતકોત્તર અંગ્રેજી વિભાગ**ના ઉપક્રમે તાજેતરમાં કોલેજના કા. આચાર્યશ્રી વિપુલભાઈ શ્રીમાળીની અધ્યક્ષતામાં અને પી.જી. સેન્ટરના સંયોજક ડૉ. કાન્તિલાલ દવેના અતિથિ વિશેષ પદે, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. ડી. એસ. મિશ્રાનું 'એસ.ટી. કોલરીજની એસેમ્પાસ્ટિક ઈમેજિનેશન વિષયક વિભાવના' વિષે એક અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન યોજાઈ ગયું. ડૉ. મિશ્રાએ 'ફેન્સી' અને 'ઈમેજિનેશન' વચ્ચેની ભેદરેખા દર્શાવી શબ્દ, અલંકાર, છંદ, કલ્પના અને પુરાકલ્પનોના રાસાયણિક સંયોજનથી નિપજતા કાવ્યતત્ત્વનો પરિચય કરાવ્યો હતો.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ અને પી.જી. સેન્ટર**ના સંયુક્ત ઉપક્રમે સ્ટડીસર્કલ અંતર્ગત સંસ્થાધ્યક્ષ શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. એ.જે. દવેના અતિથિ વિશેષ પદે તાજેતરમાં પ્રા. જગદીશ સોલંકીનું શેકસપિયરના સમસ્યામૂલક બહુચર્ચિત નાટક 'મેઝર ફોર મેઝર' વિશે એક રસપ્રદ વ્યાખ્યાન યોજાયું હતું.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદ અને **શ્રી જશભાઈ મોતીભાઈ પટેલ**

**પી.જી. સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન હ્યુમિનિટીઝ**ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સંસ્થાધ્યક્ષ શ્રી બિપીનચન્દ્ર પી. પટેલની અધ્યક્ષતામાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સંસ્કૃત વિભાગના રીડર ડૉ. નિરંજન પી. પટેલનું 'વ્યાકરણમાં સમાસ' વિષે વ્યાખ્યાન યોજાઈ ગયું. ડૉ. પટેલે સંસ્કૃત સાહિત્યની દ્દષ્ટાંત સામગ્રી દ્વારા બહુવ્રિહી સમાસનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. સચીન દરજીએ કર્યું હતું. અને આભારદર્શન પ્રા. દિવ્યાબેન ડી. પટેલે કર્યું હતું.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ અને જે.એમ. પટેલ પી.જી.સ્ટડિઝ એન્ડ રિસર્ચ ઈન હ્યુમેનિટિઝ સેન્ટર**ના ઉપક્રમે તાજેતરમાં પી.જી. સ્ટડિઝના સંયોજક ડૉ. કાન્તિલાલ દવેની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના અનુસ્નાતક સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર ચોટલિયાનાં વેદ-વેદાંગ અને વ્યાકરણશાસ્ત્ર વિષયક ત્રણ વ્યાખ્યાનો યોજાઈ ગયાં. ડૉ. ચોટલિયાએ પોતાનાં વ્યાખ્યાનોમાં વેદના વિશ્વકોશ સ્વરૂપનો પરિચય આપી, વેદ મંત્રોના અર્થઘટનમાં વેદાંગ સાહિત્યની અનિવાર્યતા સ્પષ્ટ કરી પાણિનિની અષ્ટાધ્યાયીને કેન્દ્રમાં રાખી સંસ્કૃત વાક્યસંરચનામાં ખાસ કરીને વિભક્તિ જ્ઞાનની આવશ્યકતાની સદૃષ્ટાંત રજૂઆત કરી હતી. વ્યાખ્યાનોના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજના સ્નાતક-સ્નાતકોત્તર હિન્દી વિભાગ**માં પ્રાધ્યાપિકા તરીકે કાર્યરત **શ્રીમતી ભૂમિકા દર્શન** પટેલે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગના રીડર ડૉ. મદનમોહન શર્માના માર્ગદર્શનમાં '**નાગાર્જુન કી કવિતા કે સામાજિક એવં રાજનૈતિક સરોકાર**' વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

## Faculties in News

➢ ૧૯૬૨માં કલકત્તા ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન 'ગુજરાતી સાહિત્ય મંડળ' કલકત્તાના યજમાન પદે મળેલું. ત્યારથી એની સ્મૃતિમાં, 'ગુજરાતી સાહિત્ય મંડળ' કલકત્તા 'ગુજરાતી સાહિત્ય પરિષદ' વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ યોજે છે. આ વર્ષે ઉપરોક્ત ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાન માળામાં **ડૉ. મણીલાલ હ. પટેલે** તાજેતરમાં વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનોના વિષયો હતાં - (૧) ગુજરાતી સાહિત્યમાં ગ્રામચેતના અને (૨) લોકપ્રિય અને ધારાવાહી નવલકથાઓ.

➢ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ **પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટ**ને ગુજરાતીના સંસ્કાર જીવનના અગ્રણી સામયિક 'કુમાર'માં ઉત્તમ લેખ શ્રેણી 'આથમતા અજવાળાં' માટે 'કુમાર ચંદ્રક' (સુવર્ણ ચંદ્રક) એનાયત કરવાનું જાહેર થયું છે. અભિનંદન !

## Extension

➢ યુ.કે. સ્થિત શ્રી મહેન્દ્રભાઈ પટેલની રૂા. ૩૩.૦૦ લાખની ઉદાર સખાવતથી બંધાયેલ **એમ.પી. પટેલ ઓડિયોરિયમની ઉદ્‌ઘાટન વિધિ** તાજેતરમાં આણંદના ધારાસભ્ય શ્રીમતિ જયોત્સનાબેન પટેલના મુખ્ય મહેમાનપદે અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તથા દાતાશ્રીના માતૃશ્રી શ્રીમતિ પુષ્પાબેન પટેલના વરદ હસ્તે યોજાઈ હતી. શ્રી એમ. પી. પટેલ ઓડિટોરીયમ નામની તકતીનું અનાવરણ પણ શ્રીમતિ પુષ્પાબેનના વરદ હસ્તે થયું હતું. આ પ્રસંગે દાતાશ્રી મહેન્દ્રભાઈ પટેલના વિદેશ સ્થિત પરિવારજનો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ અને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલે પોતાના વકતવ્યમાં દાતાશ્રીના ઉદાર સખાવત બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

➢ **એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, સરદાર પટેલ યુનિવર્સિટીના ૪૯મા વાર્ષિકોત્સવની ઉજવણી તા. ૪-૩-૦૯ના રોજ કરવામાં આવી હતી. આ વાર્ષિકોત્સવમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી.જી. પટેલ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અનુસ્નાતક શિક્ષણ વિભાગના વડા પ્રો. (ડૉ.) એમ. કે. યાજ્ઞિક મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સંસ્થાના આચાર્ય પ્રિ. (ડૉ.) એન. આર. પટેલે ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી સૌને આવકાર્યા હતા અને ત્યારબાદ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. કોલેજના જનરલ સેક્રેટરી ગૌરવકુમાર શાહે સમગ્ર વર્ષની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ અંતર્ગત સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને પારિતોષિક તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમારોહના અધ્યક્ષ કુલપતિશ્રી (ડૉ.) બી. જી. પટેલે વિદ્યાર્થીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. સમારોહના અંતમાં ડૉ. રસીદાબેન દિવાને આભારદર્શન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જયશ્રીબેન દવે અને પ્રા. દિપાલીબેન મહિડાએ કર્યુ હતુ.

➢ **યુનિવર્સિટી મ્યુઝિયમના હીરક-મહોત્સવની ઉજવણીનો પ્રારંભ** તાજેતરમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમથી થયો. 'પૂ. ભાઈકાકા અને પૂ. ભીખાભાઈએ બીજ તરીકે વાવેલ મ્યુઝિયમ હવે સુવિકસીત વૃક્ષ તરીકે પાંગર્યું છે' - તેમ મ્યુઝિયમના ક્યુરેટર નંદન શાસ્ત્રીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું. કુલપતિ ડૉ. ભરતભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોએ દીપ પ્રગટાવ્યો. ત્યારબાદ, જાણીતા ગાયક શ્રી ભરતભાઈ ગઢવી તથા તેમના વૃંદે લોકગીતો અને ભજનો ગાઈ શ્રોતાઓને મુગ્ધ કરી દીધા. કુલપતિ ડૉ. ભરતભાઈ પટેલે સમારંભના અધ્યક્ષ તરીકે મ્યુઝિયમ પરિવારના સભ્યોને હીરક-મહોત્સવની ઉજવણી નિમિત્તે અભિનંદન પાઠવ્યા અને ઉચ્ચ શિક્ષણના એક પૂરક અંગ તરીકે મ્યુઝિયમને વિકાસ કરવા બદલ પ્રશંસા કરી. શ્રી ભરતભાઈ ગઢવી તથા તેમના વૃંદના સભ્યોને 'ફ્રેન્ડ્સ ઓફ મ્યુઝિયમ'નું માનદ સભ્યપદ પણ આપવામાં આવ્યું.

## Research Work

➤ તાજેતરમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત **નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ**માં યુ.જી.સી. તરફથી વિવિધ પ્રોજેક્ટ્સ હેઠળ સંશોધન માટે અનુદાન મંજુર થયેલ છે.

૧. ડિપાર્ટમેન્ટ ઓફ બાયોલોજીકલ એન્ડ એન્વાયરોમેન્ટલ સાયન્સના વડા ડૉ. રીટા એન. કુમારને સાબરમતી નદીમાં બની રહેલ રીવર ફ્રન્ટ પ્રોજેક્ટના અનુસંધાનમાં પ્રદૂષણ તથા ખારીકટ કેનાલના પ્રદૂષણ અંગે સંશોધન અર્થે રૂપિયા સાત લાખ ત્રણ હજાર આઠસોનું અનુદાન મંજુર થયેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત એક જુનિયર રીસર્ચ ફેલો (રૂા. ૮૦૦૦/- પ્રતિ માસ) ત્રણ વર્ષ માટે સંશોધન હાથ ધરશે.

૨. ડૉ. સુસ્મિતા સાહુ (બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટ)ને ઔષધીય વનસ્પતિઓના સંશોધન માટે રૂા. ૮૫૦૦૦/-નું અનુદાન મંજૂર થયેલ છે.

૩. ડૉ. સુકલ્યાણ ચક્રવર્તી (બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટ)ને બેન્થીંગ આલ્ગી ઓફ ગલ્ફ ઓફ ખંભાતના સંશોધન અર્થે રૂા. ૧,૬૦,૦૦૦/-નું અનુદાન મંજૂર થયેલ છે.

૪. ડૉ. બબીતા ત્યાગી, ફિઝીક્સ ડીપાર્ટમેન્ટને કેડમીયમ ઓક્ઝેલેટ ક્રિસ્ટલ ગ્રોથના સંશોધન માટે રૂા. ૮૫,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

"...we are now able to claim with justifiable pride that Sardar Patel University is not just one among the many mushrooming Universities in India. It is one of the very few which can claim to have a special mission, a special character, a special stamp, Ours is a University truly rooted in the soil, not something imposed from above. It is the result of the toil and sacrifice and inspiration of local people-and not of the generosity of the Government-that came later in recognition of our own contribution. What is more, this University is rooted in the abiding faith that higher education need not be abstract and apart from the needs of the ordinary people..."
(1962)

**I.G. Patel**
*Governor, Reserve Bank of India*
*Director, London School of Economics and Political Science*

## Governance

➤ **હોમિયોપેથી વિદ્યાશાખાના અધ્યક્ષ તરીકે ડૉ. વી. ડી. પટેલ** (આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ, આણંદ)ની નિમણૂંક ૧ એપ્રિલ ૨૦૦૯થી ૩૧ માર્ચ ૨૦૧૨ સુધી કરવામાં આવી છે.

➤ **ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે અનુસ્નાતક રસાયણ વિભાગના **પ્રો. એન. કે. પટેલ**ની નિમણૂંક ૨૨ માર્ચ ૨૦૦૯ થી ૨૧ માર્ચ ૨૦૧૨ સુધી કરવામાં આવી છે.

➤ **રસાયણશાસ્ત્ર અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે અનુસ્નાતક રસાયણ વિભાગના **ડૉ. (કુ.) રંજન જી. પટેલ**ની નિમણૂંક ૩ માર્ચ ૨૦૦૯ થી ૧૮ જુલાઈ ૨૦૧૧ સુધી કરવામાં આવી છે.

➤ અનુસ્નાતક ઈલેક્ટ્રોનિક્સ વિભાગના લેક્ચરર **શ્રી પરેશકુમાર બી. પટેલને યુ.જી.સી.ની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત લેક્ચરર સીલેક્શન ગ્રેડ** એનાયત કરવામાં આવ્યો છે.

➤ અનુસ્નાતક એમ.એસ. ડબલ્યુ વિભાગના લેક્ચરર **ડૉ. (શ્રીમતી) બી.જી. થોમસને યુ.જી.સી.ની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત લેક્ચરર સીનીયર સ્કેલ** એનાયત કરવામાં આવ્યો છે.

➤ **ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (ISTAR)**, વલ્લભ વિદ્યાનગરના ઉપક્રમે (૧) M.E. (Communication Engineering) અને (૨) M. Pharm (Pharmacology) માં પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયત્ને બાહ્ય થિયરી પરીક્ષામાં સર્વાધિક Cumulative Performance Index/Marks મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને **ચારુતર વિદ્યામંડળ ગોલ્ડ મેડલ** વર્ષ ૨૦૦૯ ડિસેમ્બરમાં યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**માં **ડૉ. જી.વી. મહેતા**ની તાજેતરમાં આચાર્ય તરીકે વરણી થઈ છે. યુનિવર્સિટી પરિવાર એમને અભિનંદન પાઠવે છે.

"...Vidyanagar was built to build human resources for the nation. Before 50 years, it was just a small little place, now it is a whole big campus where all kinds of technology, science, medicine are being practiced..."
(1999)

**Sam Pitroda**

LCD-TOUCHSCREEN PROJECTOR @ Rs 8000/- ONLY??

TRAINS POWERED BY THE TRACKS THEMSELVES??

AUTOMATED PARKING SYSTEM OF 15 FLOORS?

SELF-PROPELLED GLIDERS TO GLIDE AT AMAZING SPEEDS IN SKIES?

Innovation reached a new crescendo, with engineering marvels a-plenty at ***BRAHMAASTRA '09*****, held at BVM Engineeering College**, during 7-9 April 2009 !!

**LCD Touchscreen Projector:** LCD projector with touch-screen made by 4th year BVM Engineeering College students of Electronics Branch, which is as good as conventional one with an unbelievably low minimal cost of 8000 rupees. The major featuers were usage of a single LCD with low maintenance cost along with lamp of high CRI, color temperature, lifespan (20k hours) and a cheaper rate of Rs 600 when compared to the cost of conventional projector which is quite high. Screen size range achieved is 70 to 120 inches at a distance of 6-10 feet from the LCD projector. The main components used were 15" *Samsung* 510N LCD pannel with a maximum resolution of 1024 X 7678 pixels, triplet length with 315 mm focal length and an aluminium sheet as reflector. It converts any projected image, LCD surface into a whiteboard touch-screen with sensing of four devices. Any screen function can be made as touch-screen by the usage of IR light pen and IR sensor interface with PC via Bluetooth and drivers. After all, isn't Gujarat starting to become to land of economical production through path-breaking innovation?

**Electro-Train:** In this event, the candidates had to construct a train engine using a DC/AC motor, which was used to drive a load of 2 kg. The main punch of the event was that the engine had to collect or receive supply from the track itself by using brushes and metal contacts. The best train made carried the load for 20 metres. Probably, the *wheels of a future* concept has started rolling! A green revolution in railways is definitely on the cards !

**Junkyard-Wars:** An event to make the best out of waste. Scrap was provided to the participants and they had to convert it into a useful machine. The criterion for the machine was to throw a ball at a farther distance. Machine did also have to aim at specific area which is placed at some height and distance. The event was organized for two days and there were 75 participants. It tested the innovative designing concept and application of textbook fundamentals, and of course, temperament during critical moments !

**Automatic Multistoried Parking System:** India is growing at an astounding rate and there are more and more parking problems. With the cheap availability of cars, it is affordable to own a car, even for the weaker sections of the populace. So, the students of BVM came up with a working model of multistoried parking system. In this, the vehicles are planed to be parked at various floors, with the help of an automatized elevator ! The building can sustain a load of 10-15 storeys of parked standard cars ! Probably, the days of clogged parking pavements are numbered !

**Glider:** Self-Propelled gliders, ruled the airspace of BVM, each trying to outdo the other in a battle of guts and glory! Students dwelled into the field of aerodynamics, and came up with some of the most novel designs for future aviation. It was a hallmark event of the Mechanical Department, and was applauded by one and all !

All these above ground-breaking prospects were a sheer delight and drew massive appreciation and awe, during *BRAHMAASTRA '09*, at BVM Engineering College. The best engineering minds in Gujarat battled it out for all their worth, in the largest technical festival of Gujarat.

BVM (Birla Vishvakarma Mahavidyalaya), the first and the most prestigious engineering college of Gujarat, hosted *BRAHMAASTRA '09*-a three day state level technical festival, which was inaugurated on 7th April 2009 by Dr. C. L. Patel (Chairman, CVM) and Shri Dhirubhai Babaria (Founder, GEN10 Technologies, USA) in BVM Auditorium at 9.00 am with the four main objectives:

1) Development of human resources to build India
2) Experimental learning through activities
3) Interaction with gurus
4) Promote industry-academia interaction.

*BRAHMAASTRA-09* shapes out to be the largest technical festival of the state, involving more than 2000 students, of about 15 different colleges of Gujarat, competing in over 80 events, of varied engineering disciplines like IT, Computers, Electronics, Civil, Mechanical, Production, Electrical, Chemical, Automobile Engineering, Food Processing and Technology and many more...

The Events of 7th April started with the Inaugural Ceremony and proceeded with the activities of various departments. The highlighting events were Overnight Website, Car-assembly workshop, Market-Makers, Glider, Robo Races and Technical Treasure-hunt ! As the day progressed, we could witness an inspiring keynote address on 'An Engineer-A Techno Entrepreneur, A Job Creator' by Dr. V. G. Patel, the Founder-Director of Entrepreneurship Development Institute, Gandhinagar. To entertain the participants in the evening, there was a contest held between five rock bands of Gujarat followed by special award-winning performances of various students of the BVM-ADIT-GCET, the three Engineering Colleges of CVM.

The second day of the event started off early with some of the most awaited events, like the Junkyard Wars competition - which was quite unique and mind-boggling, Urja, Roller-Coaster, Walk the Way, Pick-n-Place, Advertisement-Making, Body-Designing, IT Quiz, Energy Transfer and various seminars on topics like Wi-Max, Watermarking and Steganography, BAJA and many more. Shri B. M. Vyas, the man behind the brand name AMUL and a distinguished BVM alumnus, delivered a lecture on 'Build India'. The day concluded with *"JASHN"*- cultural fiesta by the engineers of BVM, ADIT and GCET. All the students dished out their best in the cultural performances like dances, songs and mimes. It was an inter-college competition, with BVM and ADIT sharing the honours with awards in three categories, while GCET chipped in with two awards.

The events of the last day, had in store Paper Presentations of the various engineering disciplines and covered latest topics like 4G-Technology, Unified Power Control, HEV, UAV (Unmanned Aerial Vehicle), Nano technology and Stealth technology. As the day progressed, we could see some of Gujarat's most innovative brains churn out amazing ideas at events like Rope-way, Techno-Archery, CAD Wars, Technical Fundoo, Line Follower-a robotic event and Management Case-Study. Also the Food-Production & Technology Department came out with varied ideas on how to create Maximum Out of Food. On-the-spot events like LAN Gaming, Optimax and *Sudoku* and other such games, drew massive participation from the on-lookers. Prof. A.R. Dasgupta, a distinguished professor at the BISAD, delivered a keynote lecture on 'Recent Advances in GIS'. The technical-festival summoned up with a brilliant performance given by Mirande Shah, a contestant of the '*Amul* Star Voice of India'. A crowd of over 2500 students, including even the faculties of BVM, ADIT and GCET were literally swinging and swaying to her melodious voice, as she sang out some of the most popular numbers, and the event proved the mega success of the Gujarat's largest technical festival-*BRAHMAASTRA '09*.

Approximately, 18 Committees and a 300-strong students' volunteer force, under the guidance of technical festival co-ordinators worked relentlessly day and night, since two months, to make this event a memorable accomplishment.

## NVPAS EXPLORING NEW HEIGHTS AT NAAC ACCREDITATION- NVPAS ACCREDITED WITH 'A' GRADE BY NAAC

**Natubhai V Patel College of Pure and Applied Sciences** managed by Charutar Vidyamandal is a self financed institute, offering twelve different degree programs at under graduate level in the educational township of Vallabh Vidyanagar.

NVPAS has sought to define and redefine excellence in education right since the inception of the college in 1996. The institute's commitment to Internal Quality Assurance is well reflected in its status as the only self-financed college across the state to have UGC recognition under 2(f) and 12(b) Acts and ISO 9000 : 2001 certification for creating and sustaining benchmarking quality standards. The zeal for disseminating quality education in accordance with the Ten Elements of Excellence laid down by NAAC led NVPAS to submit Self Study Report (SSR) to NAAC in December 2008 for accreditation in response, to which NAAC Peer Team visited the institute in February 2009.

As per the declaration of results by Accreditation Head Office at Bangalore on 8th March 2009, the college has been awarded 'A' grade by the NAAC, Bangalore. NVPAS is the only science college in Gujarat to be given the 'A' grade as per the new methodology adopted from April 2007. The Principal Dr. Basudeb Bakshi and College NAAC Coordinator Dr. Rita N. Kumar shared the pride moments with all the faculty and students and thanked all the faculty, students and wll wisheres for their sincere and painstaking effeorts. Dr. C. L. Patel, Chairman, Charutar Vidyamandal and management as well as University officials congratulated the college for attaining new heights and achieving the targeted goals in academic perspectives.

## સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપકોના લાભાર્થે જૂન ૨૦૦૯થી એકેડેમિક સ્ટાફ કોલેજનો શુભારંભ

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી દ્વારા સંશોધન અને વિકાસની યોજનાઓ માટે દેશની યુનિવર્સિટીઓ તેમજ કોલેજોને વિવિધ વિકાસ યોજનાઓ માટે અનુદાન આપે છે.

તાજેતરમાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ સરદાર પટેલ યુનિવર્સિટીને એકેડેમિક સ્ટાફ કોલેજ શરૂ કરવા માટે અનુદાન મંજૂર કરેલ છે. યુ.જી.સી. એ આ જાતની કોલેજો નીચેના હેતુ સિદ્ધ કરવા માટે મંજૂર કરેલ છે.

(૧) ભારતીય અને વૈશ્વિક સંદર્ભમાં શિક્ષણ અને વિશેષ કરીને ઉચ્ચ શિક્ષણનું મહત્વ શું છે એ સ્પષ્ટ કરવું.

(૨) દેશની રાજનીતિમાં લોકશાહી, બિન સાંપ્રદાયિકતા અને સામાજિક સમરસતા જેવા મુખ્ય આધારો કોઈ દેશના આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં શિક્ષણનો અનુબંધ જોડવો.

(૩) કોલેજો અને યુનિવર્સિટીઓની કક્ષાએ ઉચ્ચ શિક્ષણનાં ઉદ્દેશો હાંસલ કરવા માટે શિક્ષણકળા પ્રાપ્ત કરાવવી અને એને સુધારવી.

(૪) જે તે વિષયોમાં પાયાનું તથા અદ્યતન જ્ઞાન કરાવવું.

જેમાં એકેડેમિક સ્ટાફ કોલેજો માટે જરૂરી શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફની જગ્યાઓ, કોલેજ દ્વારા યોજનાર રીફ્રેશર કોર્સ અને ઓરીએન્ટેશન કોર્સ તેમજ શોર્ટ કોર્સીસના પાર્ટીસિપન્ટસ માટેની આવાસની સુવિધા, ગેસ્ટ હાઉસના નિર્માણ માટે, કોમ્પ્યુટર લેબ બનાવવા માટે, અભ્યાસક્રમોના સંચાલન માટે, પુસ્તકો અને વૈજ્ઞાનિક સાધનો વગેરેની ખરીદી માટે અનુદાન ફાળવશે. હાલ અનાવર્તક ખર્ચ માટે રૂા. ૧૨૫.૦૦ લાખ મંજૂર કરેલ છે.

હાલ દેશભરમાં યુ.જી.સી. નવી દિલ્હીએ ૫૭ યુનિવર્સિટીઓને એકેડેમિક સ્ટાફ કોલેજ માટે અનુદાન આપેલ છે. જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીને એકેડેમિક સ્ટાફ કોલેજ માટે મંજૂરી અપાતા દેશમાં આ યુનિવર્સિટી ૫૮મી તથા ગુજરાત રાજ્યમાં ત્રીજી યુનિવર્સિટી બનેલ છે.


## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120


## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**


Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat, India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.